રજૂ તારીખ : ૨૫/૦૨/૨૦૨૬.
દાખલ તારીખ : ૨૫/૦૨/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦, માસ–૦૦, દિન–૧૧.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૬૨/૨૦૨૬.**

**અરજદાર :–** **ઓમી વિનોદભાઇ પટેલ,**
રહેવાસી : ૫૧૭, કુંભાર ફળીયું, પારડી,
વલસાડ.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટેની અરજી.**

==================================================

**અરજદાર તરફે વિ. વકીલ શ્રી સી. બી. દેસાઇ.**

**સામાવાળા તરફે વિ. સ્પે. પી.પી. શ્રી કે. કે. રોહિત.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) આ કામના અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, પલસાણા પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦–૪૬૨૬૦૦૦૮/૨૦૨૬, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ મુજબના ગુનાના કામે પોલિસ ધરપકડ કરે તેવી વાજબી દહેશત હોવાથી અરજદારે આગોતરા જામીન મેળવવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ મુજબ હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી સી. બી. દેસાઇની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દેવામાં આવેલા છે. હાલના અરજદાર ક્રેટા ગાડીમાં બેસેલા હોવાનું સહઆરોપીએ નિવેદન આપેલ, પરંતુ કઇ ક્રેટા ગાડીમાં બેઠેલા તેનો ઉલ્લેખ કરેલ નથી. અરજદારને ખોટી રીતે ક્રેટા ગાડીના ડ્રાઇવર તરીકે દર્શાવવામાં આવેલા છે. સદર ગુનાના કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે, જેથી અરજદાર પાસેથી કોઇ રીક્વરી કે ડિસ્કવરી કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. અરજદાર સામે કોઇ પ્રથમદર્શનીય કેસ જણાઇ આવતો નથી. સદર ગુનાના સહઆરોપીને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. જો પોલિસ અરજદારને અટક કરે તો તેઓની પ્રતિષ્ઠાને નુકસાન થાય તેમ છે. સદર કામે અરજદારના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની કોઇ જરૂર જણાતી નથી. અરજદાર વલસાડ જીલ્લાના કાયમી રહેવાસી છે. અરજદાર નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ટ્રાયલ સમયે તેઓની હાજરી ઉપલબ્ધ બની રહેશે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે વિ. સ્પે. પી.પી. શ્રી કે. કે. રોહિતની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે સહઆરોપી પિન્ટુકુમાર પટેલના કબજાની ક્રેટા ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો-બીયરના ટીન, કુલ નંગ-૨,૧૦૨, કિંમત રૂ.૬,૩૭,૪૬૮/- નો જથ્થો

મળી આવેલ. સદર ક્રેટા કારમાં સહઆરોપી પિન્ટુકુમાર પટેલ હેલ્પર તરીકે હતા તથા ડ્રાઈવર તરીકે હાલના અરજદાર હતા. સદર ગુનાના કામે દારૂના જથ્થાની હેરાફેરી માટે વાહનમાં ખોટી નંબર પ્લેટ લગાવવામાં આવેલ હતી. હાલના અરજદારે સહઆરોપી સાથે મળી દારૂના જથ્થાનું વહન કરી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ છે. પોલિસ તપાસના કાગળો જોતાં અરજદાર સામે પ્રથમદર્શનીય કેસ જણાઈ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદારના કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની આ કામે જરૂરિયાત છે. જો અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૪) આમ, ઉપર મુજબની અરજદારના વિ. વકીલશ્રીની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદાર તરફે રજૂ થયેલ એફીડેવીટ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૫) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨), ૫૪ મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે સહઆરોપી પિન્ટુકુમાર પટેલની ક્રેટા ગાડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો–બીયરના ટીન, કુલ નંગ–૨,૧૦૨, કિંમત રૂા.૬,૩૭,૪૬૮/– નો જથ્થો મળી આવેલ. સદર ક્રેટા કારમાં સહઆરોપી પિન્ટુકુમાર પટેલ હેલ્પર તરીકે હતા અને હાલના અરજદાર ડ્રાઈવર તરીકે હતા અને અરજદાર ભાગી ગયેલા. દારૂના જથ્થાની હેરાફેરી માટે સદર વાહનમાં ખોટી નંબર પ્લેટ લગાવવામાં આવેલ હતી. આમ, હાલના અરજદાર સામે ક્રેટા ગાડીમાં મુદ્દામાલ દારૂનો જથ્થો વહન કરવા સંબંધેનો આક્ષેપ જણાઈ આવે છે. હાલના અરજદાર સ્થળ ઉપરથી ભાગી ગયેલા. પોલિસ તપાસના કાગળો વંચાણે લેતાં અરજદારે સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ આવે છે. વળી, હાલના અરજદાર ગુનો બન્યો ત્યારથી એટલે કે અઢી માસ ઊપરાંતના

જેટલા સમયથી નાસતા ભાગતા ફરે છે અને આજ દિન સુધી તેઓની ધરપકડ શક્ય બનેલ નથી, જેથી અરજદાર કાયદાને માન આપનાર વ્યક્તિ નથી તેમ જણાઇ આવે છે. સદર ગુનાના સહઆરોપી પિન્ટુકુમાર પટેલને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે, જે હકીકત હાલની અરજીનો નિર્ણય કરતાં સમયે ધ્યાને લેવામાં આવેલ છે, પરંતુ ઉપરોકત સહઆરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે, જયારે હાલના અરજદારે આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે, જેથી સહઆરોપીને જામીન ઉપર મુકત કરેલ હોવાની બાબતનો લાભ અરજદારને મળી શકે તેમ નથી. હાલમાં સદર ગુનાની પોલિસ તપાસ ચાલુ છે અને સદર ગુનાની તલસ્પર્શી તપાસ માટે અરજદાર/આરોપીના કસ્ટોડિયલ ઇન્ટ્રોગેશનની આવશ્યકતા હોવાનું પણ જણાઇ આવે છે. હાલમાં દારૂનાં વેચાણ ઉપર અંકુશ આવે તેવા સમાજનાં વિશાળ હિતને ધ્યાનમાં રાખી નામ. સરકારશ્રી દ્વારા દારૂબંધીનો કાયદો વધુ કડક કરવા માટે તેમાં સુધારો કરવામાં આવેલ છે તથા સજાની જોગવાઇમાં પણ ફેરફાર કરવામાં આવેલ છે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાતું ન હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદાર/આરોપી ઓમી વિનોદભાઇ પટેલની હાલની ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૧૬૨/૨૦૨૬ આથી નામંજૂર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૭ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૦૭/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594